




## ૩૧ ઓક્ટોબરને બળાત્કાર વિરોધી દિન જાહેર કરો

ગુજરાત સહિત દેશભરમાં બળાત્કારના વધતા જતા બનાવો વચ્ચે આમ આદમી પાર્ટી દ્વારા પાલનપુરમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરોએ ઉપસ્થિત રહી ૩૧ ઓક્ટોબરને બળાત્કાર વિરોધી દિન જાહેર કરવા પ્રદર્શન કર્યુ હતુ. આ સાથે ભાજપ વિરૂધ્ધમાં પણ સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ તરફ પોલીસે કાર્યકર્તાઓની અટકાયત કરતાં પોલીસ અને કાર્યકર્તાઓ વચ્ચે ખેંચતાણના દ્રશ્યો સર્જાયા હતા. બનાસકાંઠા જીલ્લાના મુખ્યમથક પાલનપુરમાં આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ. ૩૧ ઓક્ટોબરને બળાત્કાર વિરોધી દિન તરીકે જાહેર કરવા પ્રદર્શન કરવામાં આવ્યુ છે. જેમાં પાર્ટીના કાર્યકરો દ્વારા ભાજપ તેરી તાનાશાહી નહીં ચલેગી નહીં ચલેગીના સૂત્રોચ્ચાર કર્યા હતા. આ તરફ જોરાવર પેલેસ બહાર વિરોધ પ્રદર્શન કરી રહેલા આપના કાર્યકરોની ધરપકડ કરાતાં પોલીસ અને કાર્યકરો વચ્ચે ખેંચતાણ સર્જાઇ હતી.

# મોડાસામાં કોંગ્રેસ કૃષિ બિલના વિરોધમાં રેલી યોજાતા કાર્યકરોની અટકાયત

### આમ આદમી પાર્ટી દુષ્કર્મની ઘટનાઓ અટકાવવા ચાર રસ્તા પર હલ્લાબોલ

મોડાસા, તા. ૩૧

સરદાર પટેલ જન્મજયંતીના દિવસે કેન્દ્ર સરકારના કૃષિ બિલને કૃષિ વિરોધી તથા કંપનીઓ માટે લાભ કરતાં અને ખેડૂતો માટે નુકસાન કરતાં જણાવી ગુજરાત કોંગ્રેસ દ્વારા રાજ્યભરમાં ધરણા અને રેલી યોજી વિરોધ નોંધાવ્યો હતો. ત્યારે અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના સર્કિટ હાઉસથી કોંગ્રેસે 'ખેડૂત વિરોધી એ સરકાર નહિ ચલેગી નહિ ચલેગી'ના નારા સાથે અને કૃષી બિલના વિરોધ પ્રદર્શિત કરતા બેનરો સાથે રેલી કાઢતા કોંગ્રેસની રેલી ચાર રસ્તા પહોંચે તે પહેલા પોલીસે કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકર્તાઓની અટકાયત કરી હતી.



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવતા વિવિધ રાજકીય પક્ષો સક્રિય થઇ ગયા છે આમ આદમી પાર્ટીના અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ મોડાસા શહેરના ચાર રસ્તા પર ગુજરાત સહીત સમગ્ર દેશમાં દુષ્કર્મની ઘટનાઓ સતત બનતા દુષ્કર્મની ઘટનાઓ અંકુશમાં લેવા અને દુષ્કર્મીઓને શખ્ત સજા કરવામાં આવેની માંગ સાથે કેન્દ્ર અને રાજ્ય સરકાર સામે સૂત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવતા ટાઉન પોલીસે આમ આદમી પાર્ટીના કાર્યકરોની અટકાયત કરી હતી.




કોરોનાની વૈશ્વિક મહામારીમાં મોડાસા શ્હેરમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના વિરોધમાં સોશ્યલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડ્યા હતા. પોલીસે પણ રાજકીય પાર્ટીઓના વિરોધ પ્રદર્શનના પગલે ભારે દોડધામ કરવી પડી હતી.

## ડીસાના વાસના ગામે ખેડૂત ઉપર ગામના જ શખ્સો દ્વારા હુમલો

કોરોના મહામારી અને લોકડાઉન બાદ ગ્રામ્ય વિસ્તારો માં જમીનની બાબતને લઈ અનેક વિવાદો સર્જાઈ રહ્યા છે ત્યારે ડીસા તાલુકાના વાસના ગામે એક ખેડૂતની માલિકીની જમીનમાં ગામના જ શખ્સો દ્વારા હથિયાર સાથે પ્રવેશ કરી હુમલો કરવા બાબતે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. છગનભાઈ મોહનભાઈ એદળીયા ગતરોજ શુક્રવારે પોતાના ગામના ખેતરમાં હતા તે દરમિયાન ગામમાં જ રહેતા રમેશભાઈ જોશી, સોમાભાઈ જોશી, કાંતિભાઈ જોશી, ગોરધનભાઈ જોશી, જયતિભાઈ પંચાલ હાથમાં હથિયારો સાથે તેમના ખેતરમાં પ્રવેશ કરી તોડફોડ કરી ઉભેલા ઢોર છોડી મૂકી ખેતરમાં નુકશાન કરી જાતિ અપમાનિત ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી બાબતે ભોગ બનનાર છગનભાઈ મોહનભાઈ એદળીયા એ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે રમેશભાઈ વાઘજીભાઈ જોશી, સોમાભાઈ વાઘજીભાઈ જોશી, વગેરે વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી

# તલાટીઓને કામગીરી આપવાના સરકારના નિર્ણય સામે બનાસકાંઠાના ધારાશાસ્ત્રીઓએ બાંયો ચઢાવી

### તાલુકાના બાર એસોસિએશન દ્વારા ઉગ્ર વિરોધ જતાવી આવેદન અપાયા

પાલનપુર

ગુજરાત સરકારે સોગંદનામા કરવાની સત્તા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીઓને આપવાનો નિર્ણય કર્યો છે. જેનો ધારાશાસ્ત્રીઓ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. જ્યાં બનાસકાંઠામાં પણ તાલુકાના બાર એસોસિએશન દ્વારા ઉગ્ર વિરોધ જતાવી આવેદન અપાયા હતા.

ગુજરાત સરકારે સોગંદનામા કરવાની સત્તા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીઓને આપવાનો નિર્ણય કર્યો છે. જેનો ધારાશાસ્ત્રીઓ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. જ્યાં બનાસકાંઠામાં પાલનપુર, કાંકરેજ, થરાદ સહિતના બાર એસોસિએશન દ્વારા આ નિર્ણય મોકુફ રાખવાની માંગ સાથે ગુજરાતના મુખ્યમંત્રી, કાયદામંત્રી, રેવન્યુ મંત્રી, ચેરમેન બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તેમજ બનાસકાંઠા કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતુ. જેમાં જણાવ્યુ હતુ કે, ગ્રામપંચાયતના તલાટી કમ મંત્રીઓ ૩ થી ૪ જેટલી પંચાયતોના ચાર્જ સંભાળતાં હોવાથી અને સમયસર હાજર ના રહેતાં હોવાથી પક્ષકારોને પારાવાર મુશ્કેલીઓ ઉભી થવા સંભવ છે. હાલમાં રાજયમાં રેવન્યુ કક્ષાએ થયેલા કેસોમાં તલાટી કમ મંત્રીઓની ભુમિકા શંકાસ્પદ છે. ચાર મહિનામાં ઉ.ગુ.ના એસીબીના કેસોમાં પણ તલાટીઓનો મુખ્ય રોલ જણાય છે. માત્ર ૧૨ પાસ તલાટીકમ મંત્રીઓને આવી સતા આપવામાં આવે તો વર્ગ-૧ ના અધિકારીના હોદાની ગરીમાં જળવાઈ રહેશે કે કેમ ? પક્ષકારો સોગંદનામાં માટેનો સ્ટેમ્પ કેવી રીતે મેળવશે. તલાટીઓ આ અંગેનુ રેકર્ડ જાળવશે કે કેમ તેની કોઈ માર્ગદર્શિકા ન હોઈ દુરુપયોગ થવાની શકયતાઓ છે. વકીલોની એકમાત્ર આજીવિકા નોટરીના વ્યવસાય ઉપર આધારીત છે.અને હાલમાં લોકડાઉનના કારણે છ માસથી કોર્ટનુ કામકાજ બંધ હોઈ વકીલોની આર્થિક સ્થિતિ પર ખુબ જ માઠી અસર પડેલી છે. ત્યારે આ વકીલોને પડતાં પર પાટુ મારવાની નિતિનો વિરોધ સખ્ત વિરોધ કરીએ છીએ.



# હિંમતનગરની ક્રિષ્ના હોસ્પિટલમાં રોટરી કલબ ધ્વારા ત્રણ બાઈપેપ લોકાર્પણ

હિંમતનગર, તા. ૩૧

રોટરી કલબ હિમંતનગર ધ્વારા રોટરી ફાઉન્ડેશન ગ્લોબલ ગ્રાન્ટ-કોવિડ-૧૯ પ્રોજેક્ટ અંર્તગત, ''બાયપેપ મશીન (Bipap Machine)નુ ક્રિષ્ના હોસ્પિટલમાં ડિસ્ટ્રીક્ટ ગર્વેનર રાજેષ અગ્રવાલજીના વરદહસ્તે લોકાર્પેણ કરવામાં આવ્યુ.




રોટરી કલબ હિમંતનગર ૩૫ વર્ષથી સામાજીક સેવા કાર્યે કરી રહી છે. પ્રર્વેતમાન કોવિડ-૧૯ ની મહામારીમા સમગ્ર જીલ્લાના લોકોને મહામારીથી બચાવ કરવાના હેતુસર અતિઉપયોગી બાયપેપ મશીન (Bipap Machine) કે જે દર્દીના ફેફસામા ઓક્સિજન પુરતી માત્રામાં પહોચાડવામાં મદદરૂપ બને છે તેવા રોટરી ફાઉન્ડેશન ગ્લોબલ ગ્રાન્ટ-કોવિડ-૧૯ પ્રોજેક્ટ અંતર્ગત, રૂપિયા ૩ લાખની કિમંતના સાત મશીન ખરીદવામા આવ્યા જેમાંથી ૩ મશીન સ્ટેન્ડ સાથે આજરોજ ડિસ્ટ્રીક્ટ ગર્વેનર રાજેષ અગ્રવાલજીના વરદહસ્તે ક્રિષ્ના હોસ્પિટલમાં લોકાર્પેણ કરવામાં આવ્યુ બાકીના ૪ મશીન જીલ્લાની સિવીલ હોસ્પિટલને આપવામાં આવશે, સમ્રગ પ્રોજેક્ટને પરદેશની રોટરી કલબ નોર્થે ફિલ્ટ, રોટરી કલબ વિસનગર અને સાબરકાઠા ચેરીટેબલ ટ્રસ્ટ-શ્રી. બાલક્રીશ્નભાઈ મંગળદાસ ઠક્કરનો સહયોગ પ્રાપ્ત થયો. આ પ્રસંગે પ્રોજેક્ટ ચેરમેન પીડીજી જગદીશ પટેલ, પીડીજી લલીત શૅમા, પીડીજી ડો. અરુણ પરીખ, પ્રોજેકટ કો. ચેરમેન રોટે. પ્રફુલ વ્યાસ, રોટરી કલબ હિમંતનગરના પ્રમુખ રોટે. ડો. સંજય વેદીયા, મંત્રી રોટે. રમેશ પટેલ, ટ્રેનર રોટે. ગોત્તમ દોશી, આસિસ્ટન્ટ ગર્વેનર રોટે. રસિક પટેલ, રોટે. મેહુલ કોઠારી, જીલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ ક્રિષ્ના હોસ્પિટલના ગિરીશ ભાવસાર, નાનુભાઈ પટેલ અને રોટરી કલબ હિમંતનગરના સદસ્યો ઉપસ્થિત રહ્યા.

# અંબાજી મંદિરના શક્તિ દ્વાર પાસે પોલીસ સંભારણા દિવસનો કાર્યક્રમ

ગુજરાત અને રાજસ્થાન સરહદ પર આવેલું શક્તિપીઠ અંબાજી દેશનું નંબર વન શક્તિ પીઠ તરીકે ઓળખાય છે નવલા નોરતા પૂર્ણ થતાં અંબાજી ધામ હાલ મા શાંત જોવા મળી રહ્યું છે, માઈ ભક્તો ની ભીડ હાલ માં માતાજી ના ધામ માં જોવા મળતી નથી ત્યારે આજે સાંજે અંબાજી મંદિર ના શક્તિ દ્વાર આગળ પોલીસ સંભારણા દિવસ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં પોલીસ બેન્ડ અને પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા આજે ગુજરાત ના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ નું ૯૨ વર્ષની વયે અવસાન થતા ભાજપ પક્ષ દ્વારા તમામ કાર્યક્રમો કેન્સલ કરવામાં આવ્યા હતા અને મુખ્ય મંત્રી સહિત ના નેતાઓ ગાંધીનગર ખાતે આવી શ્રદ્ધાંજલિ આપી હતી, આજે સાંજે અંબાજી મંદિર ના




શક્તિદ્વાર આગળ પોલીસ સંભારણા દિવસ ના ભાગ રૂપે કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં પોલીસ અધિકારીઓ અને પોલીસ બેન્ડ ના જવાનો અને અંબાજી મંદિરના સ્ટાફ હાજર રહ્યા હતા, બી એમ ચૌધરી, જી એલ પટેલ, આર કે વાણીયા, જે બી આચાર્ય સહિત ના અધિકારીઓ હાજર રહ્યા હતા આ કાર્યક્રમ રાજ્ય અનામત પોલીસ દળ મડાના જૂથ ૩ અને અંબાજી પોલીસ સ્ટેશન ના સહયોગ થી યોજાયો હતો.

# ગ્રાન્ટેડ અને TET ભરતી, જગ્યા વધારો અને ઝડપી પ્રક્રિયા મુદ્દે શિક્ષકોનું ફરી પત્ર અભિયાન

### એક જ સત્રમાં શ્રેષ્ઠ શિક્ષણ હેતુ શિક્ષક ભરતી ખૂબ જરૂરી : અકબર હાલાણી

બાયડ, તા. ૩૧

ગુજરાતમાં લગભગ છેલ્લા ૩-૪ વર્ષોથી TET-TAT બેરોજગાર શિક્ષકો પોતાની ભરતી અને વ્યથાઓને મુદ્દે અલગ અલગ અભિયાન કરી રહ્યા છે, તાજેતરમાં છ્-૧ સરકારી ભરતી હાલમાં જ શરૂ કરી દિવાળી આસપાસ નિમણૂક પત્રો આપવામાં આવે, ગ્રાન્ટેડ અને વિદ્યાસહાયકોની ભરતી તાત્કાલિક જાહેર કરવામાં આવે, TAT-1ની માર્કશીટની વેલીડિટી વધારવા, ભરતીમાં જગ્યા વધારો અને ભરતીના ટાઈમ ટેબલ સાઈટ ઉપર મૂકવા વગેરે માંગણીઓ સાથે સરકાર અને સંબંધિત કચેરીમાં પત્ર વ્યવહાર કર્યો હતો.

હાલમાં આ કોરોના મહામારીમાં શાળામાં શિક્ષણકાર્ય ઠપ્પ હતું હવે એક જ સત્રમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવા અને આ વર્ષે નવા અઢી લાખ ગરીબ વિદ્યાર્થીઓ જે ખાનગી શાળાઓમાંથી સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં સ્થળાંતર થયા છે તેમને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે અને ભવિષ્ય ઉજ્જવળ થઈ શકે એ હેતુથી તાત્કાલિક અને મોટા પ્રમાણમાં સરકાર 'શિક્ષક ભરતી'નું આયોજન કરે એવી વાજબી માંગ બેરોજગાર શિક્ષકો અને વાલીઓ દ્વારા અવારનવાર સરકારશ્રી સમક્ષ કરવામાં આવે છે, છેલ્લા કેટલાક વર્ષોથી શિક્ષક વગરની શાળાઓને કારણે બોર્ડનું પરિણામ ખૂબ જ તળીયે પહોંચી ગયું છે, વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બની રહ્યું છે તેથી ગરીબ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પણ ચિંતિત છે, ઉપરાંત TET-TAT બેરોજગાર શિક્ષક ઉમેદવારો પણ લાયક હોવા છતાં ભરતી ન થતા ઘણી જ સામાજિક, આર્થિક અને માનસિક તણાવમાં જીવી રહ્યા છે, તો આ પત્ર અભિયાન દ્વારા સરકારશ્રીને તાત્કાલિક અને મોટા પ્રમાણમાં શિક્ષક ભરતીનું આયોજન કરી ગુજરાતમાં શિક્ષણનુ સ્તર સુધારવા વિનંતી કરી હતી.

# એન. પી. પટેલ આર્ટસ અને એસ. એ. પટેલ કોમર્સ કોલેજ, પાલનપુરમાં ઓનલાઈન ડીબેટનું આયોજન

જ્ઞાન ધારા અંતર્ગત એન.પી.પટેલ આર્ટસ અને એસ.એ પટેલ કોમર્સ કોલેજ, પાલનપુર માં તારીખ : ૦૬/૧૦/૨૦૨૦ ના રોજ " નવીન શિક્ષણ નીતિ આવકારદાયક કે પ્રતિરોધક" વિષય પર ડીબેટ નું આયોજન ઓનલાઇન કરવામાં આવ્યું. ડીબેટમાં કુલ ૧૬૦ વિદ્યાર્થીઓ જોડાયા અને ૧૯ વિદ્યાર્થીઓએ આ ડીબેટમાં ભાગ લીધો. ભાગ લીધેલ વિધાર્થીઓ માંથી એક થી ત્રણ નંબર આપવામાં આવ્યા. નિર્ણાયક તરીકે ડો.વી. એસ. પટેલ અને પ્રા. વિવેકભાઈ રાયગોર દ્વારા એક થી ત્રણ નંબર આપવામાં આવ્યા.તેમાં

પ્રથમ નંબર : રાજગોર તરૂણ (b.com sem,-5) દ્વિતીય નંબર : સોની જીનલ (b.com sem,-5), તૃતીય નંબર : રાજપુરોહિત સુમિત્રા (b.com sem -1) આવેલ. આમ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કૉલેજના કા.આચાર્ય ડો. મનિષાબેન પટેલ ના માર્ગદર્શન હેઠળ જ્ઞાન ધારાના કન્વિનર ડો. મુકેશભાઈ અગ્રવાલ અને પ્રા. હાર્દિકભાઈ પટેલે સ્ટાફ અધ્યાપક મિત્રો અને વિધાર્થીઓની મદદથી ભારે જહેમત ઉઠાવી કોરોનાના આ સમયમાં ઓનલાઈન ડીબેટને સફળ બનાવી હતી.

### ડીસા રામચોક વિસ્તારમાં એક વર્ષ અગાઉ લીધેલ

# ઘીનાં સેમ્પલ ફેલ આવતા ડીસા દક્ષિણ પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરાઈ

### ઘીનું વેચાણ કરતી દુકાન સીલ કરાઈ

ડીસા, તા.૩૧

બનાસકાંઠા જિલ્લામાં વેપારી મથક ડીસા શહેરમાં છેલ્લા ઘણા સમયથી કેટલાક લેભાગુ વેપારીઓ દ્વારા લોકો ના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવી રહ્યા છે અને આ લેભાગુ વેપારીઓ તેલ, ઘી, હળદર, મરચું જેવી ખાધ ચીજવસ્તુઓમાં ભેળસેળ અને નકલી પેકીંગ કરી અસલ જેવું બનાવી તેનું વેચાણ મોટા પાયે લાંબા સમય થી કરવામાં આવી રહ્યું છે ત્યારે આવી જ એક માહિતી સ



આધારે ડીસા દક્ષિણ પોલીસ દ્વારા એક વર્ષ અગાઉ ૧૧.૩.૨૦૧૯ના દિવસ બાતમીના આધારે પોલીસે ડીસા શહેર ના લાટીબજાર વિસ્તારમાં મહાલક્ષ્મી એકતા એજન્સી ની સામે આવેલ ઘીની દુકાનમાં દરોડો પાડી એક દુકાન માંથી શંકાસ્પદ ઘીના ૯ ડબ્બા ઝડપી પાડયા હતા જેને ચકાસણી અર્થે અમદાવાદ એફ.એસ.એલ માં મોકલાયા હતા છે બાદ એક વર્ષ બાદ ત્યાંથી ઘીનાં રીપોર્ટ નેગેટિવ આવતાં પોલીસ દ્વારા વેપારી સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી અંને વીકી રાજુભાઈ ચોખાવાલા (મોદી) નામના શખ્સ સામે દક્ષિણ પોલીસ સ્ટેશનમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરીને વિશ્વાસઘાત કરવા બદલ ગુન્હો નોંધ્યો હતો ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકના પી.એસ.આઈ. એ. સ્ટાફ સાથે બાતમી આધારે ડીસા શહેર નાં લાટી બજાર વિસ્તારમાંથી દુકાનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી અને ઘી નું વેચાણ કરતી દુકાન સીલ મારવામાં આવી હતી તપાસ દરમિયાન શિવમ એન્ટર એસ્ટીફાઈ લખેલાં ૯ શંકાસ્પદ ઘીના ડબ્બા મળી આવતા ચકચાર મચી જવા ગતરોજ તેનો રીપોર્ટ આવતાં જેમા ભેળસેળ વાળું ઘીનું વેચાણ કરવાનું બહાર આવતા ચકચાર ફેલાઈ જવા પામી છે જ્યારે ડીસા દક્ષિણ પોલીસ દ્વારા સમગ્ર ઘટનાના પગલે બનાસકાંઠા જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરવામાં આવી છે અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આગળની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડા કરતાં આવા તત્વો સામે સરકાર દ્વારા કડક માં. કડક પગલાં ભરવામાં આવે તેવી આમ જનતામાં માંગ ઉઠવા પામી છે

### પાલનપુર સિવીલ હોસ્પિટલ નજીક જુપીટર પર બેસી

# આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો એક સટોડીયો પોલીસના હાથે ઝડપાયો

પાલનપુર

પાલનપુર સિવીલ હોસ્પિટલ નજીક જુપીટર પર બેસી આઈપીએલ ક્રીકેટ મેચ પર સટ્ટો રમતો એક સટોડીયો પોલીસના હાથે ઝડપાઇ ગયો હતો.જેમાં પોલીસે બે શખ્સો સામે ગુનોનોંધી વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર સિવિલ હોસ્પિટલ નજીક એક શખ્સ જુપીટર પર બેસી આઈપીએલ મેચ પર ક્રીકેટ સટ્ટો રમતો હોવાની પોલીસને બાતમી મળી હતી.

જેથી પૂર્વ પોલીસ મથકના પી.આઇ. ડી.આર.ગઢવીએ સ્ટાફના રણજીતસિંહ, સંકેતભાઇ, હર્ષદભાઇ,કનકસિંહ સાથે પાલનપુર સિવિલ હોસ્પિટલ વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી.તે સમયે એક ચા ની દુકાન બહાર એક શખ્સ જુપીટર પર બેસી આઈપીએલ મેચ પર ક્રીકેટ સટ્ટો રમતો મળી આવ્યો હતો. જેથી પોલીસે શખ્સની અટકાયત કરી પુછ પરછ કરતા મોબાઈલમાં આઈપીએલ મેચ સટ્ટો રમતો હોવાની કબુલાત કરી હતી.અને આ સટ્ટાના નફામાંથી મળતી આવકમાંથી ૮૦ ટકા રકમ પોતે રાખતો અને ૨૦ ટકા જીતુભાઈને આપતો હોવાનું જણાવતા પોલીસે લલીત ઉર્ફે લાલો ગણેશભાઈ પટેલ (જગાણીયા) રહે.જુના લક્ષ્મીપુર ઉમીયાનગર ફાટકની બાજુમાં તેમજ જીતુભાઇ ફલજીભાઇ ચૌધરી રહે.ટ્રેઝર સોસાયટી ડેરી રોડ પાલનપુર સામે પૂર્વ પોલીસ સ્ટેશનમાં ગુનોનોંધી જુગારમાં વાપરવામાં આવેલ મોબાઈલ,જુપીટર,સહીત રોકડ રકમ કુલ મળી રૂ.૪૮,૧૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા સટોડીયાઓમાં ફફડાટ પ્રસરી ગયો છે.

# ન્યાય અપાવનાર વકીલોએ ગુજરાત રાજયની તમામ કોર્ટો નિયમીતપણે પૂર્વવત્ ચાલુ કરવા બાબતે આવેદનપત્ર આપ્યું



પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આજે ન્યાય અપાવનાર વકીલોએ ગુજરાત રાજયની તમામ કોર્ટો નિયમીત રીતે ચાલુ કરવા માટે પ્રાંતિજ બાર એસોશીએશન પ્રાંતિજ દ્વારા પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયા ને આવેદનપત્ર આપ્યું હતું. કોરોનાની મહામારીને લઈને છેલ્લા આઠ માસથી ગુજરાત સહિત જિલ્લા તથા તાલુકાની તમામ કોર્ટો બંધ છે જેથી વકીલોની હાલત અંત્યત ગંભીર રીતે આર્થિક મુશ્કેલીઓમાં ઘેરાયેલ બનેલી છે અને સરકાર તરફથી વકીલ સમુદાયને કોઈપણ પ્રકારની સહાય કે મદદ વિના વકીલો પોતાનું તથા પરિવારનું જતન આવા કપરા સમયમાં પણ સ્વાવલંબી બનીને કરી રહ્યા છે. ત્યારે બીજી તરફ આવેદનપત્રમાં બાર એસોશીએશન પ્રાંતિજ દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, તાલુકા/જિલ્લા પંચાયત કચેરીઓ, મોલ, સિનેમાં, હોલ, જીમ તથા લોકોનું ધ્યાન ખેંચતી નેતાઓની વિશાળ રેલીઓમાં સમગ્ર જગ્યાએ ભીડભાડ જોવા મળે છે ત્યાં નિયમોનો ભંગ કે ચેપના રોગની ગંભીરતા ધ્યાને લેવાતી નથી અને માત્ર કોર્ટો ચાલુ કરવામાં કોરોનાનો ચેપ લાગી જવાનો છે તે તદન ખોટું છે અને અદાલતો અગાઉની જેમ જ નિયમીતપણે ચાલુ કરવાની આવશ્યકતા હોઈ તાત્કાલિક ધોરણે ચાલુ કરાવવામાં આવે તે માટે પ્રાંતિજ બાર એસોશીએશન પ્રાંતિજ દ્વારા પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે જઈને પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી સોનલબા પઢેરીયાને આવેદનપત્ર આપ્યું હતું જેમાં પ્રાંતિજ બાર એસોશીએશન પ્રાંતિજના પ્રમુખ જગદીશકુમાર લેઉવા, ઉપપ્રમુખ એમ.આઈ. રાણા , સેક્રેટરી એન.બી. ચૌહાણ, ખજાનચી આર.જે. ડાભી સહિત પ્રાંતિજ બાર એસોશીએશનના સભ્યો એડવોકેટો ઉપસ્થિત રહ્યા હતા.